Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

ભવ્યજનમન રંજનાર્થે, પાવન પ્રતિભાસ;

અભિનવ ઉત્સાહથી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૯ મું. શાકે ૧૮૧૫ ભાદ્રપદ શુદિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૬ ઠો.

## द्रौपदी.

દ્રૌપદી આ ભરતક્ષેત્રમાં થએલી મુખ્ય સતિઓ માંહેની એક છે. તેનું ચરિત્ર જ્ઞાતાસૂત્રમાં કહ્યા પ્રમાણે પૂર્ણ ભાષાંતર લખશું જેથી વાંચનારને સારો બોધ થશે.

પૂર્વે ચંપા નામે એક નગરી હતી. તે નગરીની ઇશાનકૂણે સુભૂમિભાગ નામે ઉદ્યાન હતું. કોણિક નામે શ્રેષ્ઠ તે નગરનો રાજા હતો. તે ચંપા નગરીમાં સોમ, સોમદત્ત અને સોમભૂતિ નામે બ્રાહ્મણ જાતિના ત્રણ ભાઈઓ રહેતા હતા. તેઓ વેદાદિશાસ્ત્રોમાં કુશળ હતા અને તેઓના ઘરમાં ઋદ્ધિ પણ પુષ્કળ હતી. લક્ષ્મી અને સરસ્વતી બંનેનો એકસ્થાને નિવાસ હોવાથી તેઓ અત્યંત શોભતા હતા. તેઓને નાગશ્રી, ભૂતશ્રી અને યક્ષશ્રી નામની અનુક્રમે સ્ત્રીઓ હતી. તે ત્રણે સ્ત્રીઓ અત્યંત સુકુમાળ, મનોરમ અને પ્રેમકારિણી હોવાથી ત્રણે ભાઈઓને બહુજ વહાલી હતી. તેઓ એવી રૂપવતી સ્ત્રીઓની સાથે મનુષ્ય સંબંધી અનેક પ્રકારના ભોગ ભોગવતા દેવ સમાન સુખ ભોગવતા હતા. એક દીવસ ત્રણે ભાઈઓ એકઠા મળી બેઠા છે તેવામાં નાના પ્રકારના વાર્તાલાપ કરતા તેઓએ એવો ઠરાવ કર્યો કે—'આપણી પાસે પુષ્કળ દ્રવ્ય છે. સાત પેઢી

For Private And Personal Use Only

સુધી ખાતાં, પુષ્કળ દાન દેતાં અને સારી રીતે ભોગવતાં છતાં પણ આપણું દ્રવ્ય ખુટે તેવું નથી; માટે આજથી આપણે વારા ફરતી એકએક ઘરને વિષે નાનાવિધ પ્રકારની રસવતી-પકવાન વગેરે બનાવી ત્રણે જણાએ સાથે ભોજન કરવું.' એ વાત ત્રણે જણાએ અંગીકાર કરી. ઠરાવ પ્રમાણે વારાફરતી એક બીજાને ઘરે ચારે પ્રકારના સ્વાદિષ્ટ ભોજન નીપજાવી ત્રણે જણ સાથે ભોજન કરી સુખમાં દિવસ નિર્ગમન કરે છે.

એમ કરતા એક દિવસ મોટાભાઈને ઘરે જમવાનો વારો આવ્યો. તેવારે તેની સ્ત્રી નાગશ્રીએ ઘણા પ્રકારની સ્વાદિષ્ટ રસોઈ બનાવી. છેવટે શરદઋતુનું નિપજેલું અત્યંત સુંદર એક તુંબડું લાવી તેનું શાક કરીને માંહે હીંગ, તેલ, હલદર, જીરૂં, એલચી વિગેરે ઘણા પ્રકારના સંભાર નાખી તેને બહુજ સ્વાદિષ્ટ બનાવ્યું. પછી તેમાંથી જરા હથેલીમાં કાઢી ચાખી જોયું તો તે ઘણુંજ કડવું લાગ્યું. તુંબડું અત્યંત કડવું હોવાથી આવું સરસ રીતે નીપજાવેલું શાક વિષપ્રાય થયું તેથી નાગશ્રીને અત્યંત પશ્ચાતાપ થયો. તેમાં નાખેલા સુંદર સંભારાદિ પદાર્થો બગડયા તે માટે પણ તેનું મન કચવાયું. વળી પોતે પોતાની દેરાણીઓથી વધારે સુંદર ભોજન નીપજાવ્યું છે એવું માન મેળવવાનો જે તેનો વિચાર તે પણ નષ્ટ થયો અને ઉલટી હેલણા થશે એથી તેના મનમાં બહુજ લાગ્યું. પરંતુ એ પ્રમાણે પશ્ચાતાપ કરી બેસી ન રહેતાં તેણીએ તે શાક ગુપ્ત રાખી બીજું મિષ્ટ તુંબડું લાવી થોડા વખતમાં તેનું તેવીજ રીતે સ્વાદિષ્ટ શાક બનાવ્યું. પછી તે ત્રણે ભાઈઓને સ્નાન કરાવી, સુંદર આસન ઉપર બેસાડી ભાતભાતની મિષ્ટ રસોઈથી જમાડયા. જમીને તેઓ પોતપોતાને કામે વળગ્યા. પછી તે ત્રણે સ્ત્રીઓ નહાઈ, ઉત્તમ વસ્ત્ર ધારણ કરી, નાના પ્રકારના અલંકારથી વિભૂષિત થઈ જમવા બેઠી. હાસ્યવિનોદની વાર્તા કરતી તે ત્રણે જણીઓ જમીને પોતપોતાના આવાસમાં ગઈ અને કામકાજને વિષે સાવધાન થઈ.

તે સમયે તે નગરના સુભૂમિભાગ નામા ઉદ્યાનને વિષે ધર્મઘોષ નામા આચાર્ય પોતાના પરિવાર સાથે આવી સાધુને માગવા યોગ્ય અવગ્રહ-આજ્ઞા માગીને ઉતર્યા હતા. તપ સંયમે કરીને પોતાના આત્માને ભાવતા સર્વ સાધુ ત્યાં સુખે વિચરતા હતા અને નિરંતર નગરમાંથી વાંદવા આવનારા શ્રાવક શ્રાવિકાને ધર્મોપદેશ આપતા હતા. તે આચાર્યના પરિવારમાં એક ધર્મરૂચિ નામે ઉત્તમ મુનિ હતા તેઓ ઉત્કૃષ્ટ પ્રકારનો તપ કરતા હતા. તેજોલેશ્યા જેણે સંક્ષેપી છે એવા તે મુનિ માસ માસ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના ઉપવાસ કરતા હતા. માસ ખમણના પારણાને દિવસે પહેલી પોરસીને વિષે સજ્ઝાય કરે, બીજી પોરસીને વિષે ધ્યાન ચિંતવે અને ત્રીજી પોરસીને વિષે ઇરિયાવહી પ્રતિક્રમી, મુહપત્તિ પડિલેહી, પાત્રાની પ્રતિલેખના કરી ગુરૂ મહારાજની આજ્ઞા લઇ નગરમાં વહોરવા નિકળે. જે દિવસે નાગશ્રીને ઘરે ત્રણે બ્રાહ્મણો જમ્યા તે દિવસે તે ધર્મરૂચિ અણગારને માસખમણનું પારણું હતુ. પૂર્વોક્ત ક્રિયા કરી ત્રીજી પોરસીને વિષે ગુરૂ મહારાજની આજ્ઞા લઇ વહોરવા નિકળેલા તે મુનિ અનુક્રમે નાગશ્રીને ઘરે આવ્યા, તે વારે નાગશ્રી પોતાને ઘરે મુનિને આવતા જોઇ પેલું કડવા તુંબડાનું શાક તેમને વોરાવવાનો નિશ્ચય કરી તત્કાળ ઉઠી રસોડામાં આવી શુભ રીતે રાંધેલ અને બહુ પ્રકારના મસાલે સંસ્કારેલ તે સર્વ શાક મુનિને વહોરાવ્યું. મુનિ મહારાજ પણ તેમણે વહોરેલો આ આહાર બસ જાણી તરતજ ઉદ્યાનને વિષે જ્યાં ધર્મઘોષ સૂરિ હતા ત્યાં આવ્યા. આવી ગુરૂ મહારાજથી થોડે દૂર રહી ઇરિયાવહી પડિક્કમી, આલોચન કરી ગુરૂ મહારાજને આહાર દેખાડ્યો. સૂરિ મહારાજે નાના પ્રકારના સોગટ પદાર્થ આદિ તુંબડાની કટુક ગંધથી શંકાઇ તેનું એક બિંદુ હથેલીને વિષે લઇ ચાખી જોયું. ચાખતા આસ્વાદ કડવું, વિષપ્રાય, નહિ ખાવા યોગ્ય જાણી ધર્મરૂચિ અણગારને કહેવા લાગ્યા કે—હે દેવાનુપ્રિય ! આ તુંબડું ઘણું દ્રવ્ય કરી વઘાર્યુ છે, ઘણા સોગટ પદાર્થ નાખ્યા છે પરંતુ એ એવું કડવું છે કે જો તું તેનો આહાર કરીશ તો તત્કાળ મરણ પામીશ; માટે તેનો આહાર ન કરતાં કોઇ એકાંત, અનાપાત એવી નિર્જીવ ભૂમિને વિષે તેને પરઠવી બીજો પ્રાસુક, એષણીય, નિર્દોષ, બેતાળીશ દોષ રહિત આહાર વહોરી લાવી તેનો આહાર કરજે. ગુરૂ મહારાજનો એવો આદેશ સાંભળી ધર્મરૂચિ મુનિ તરતજ ત્યાંથી ઉઠ્યા અને તે ઉદ્યાન વન ખંડથી થોડે દૂર નિર્જીવ સ્થળ જોઇ ત્યાં બેઠા. જમીન પડીલેહી તે તુંબડામાંથી એક બિંદુ જમીન ઉપર મુક્યું. થોડીવાર થઇ ત્યાં તેની ગંધે ઘણી કીડીઓ આવી. જેજે કીડી તે બિંદુને સ્પર્શ કરે તે તત્કાળ મરણ પામવા લાગી. એવા અનર્થ બનતો જોઇ તે મુની વિચારવા લાગ્યા કે,—એક બિંદુ મુકવાથી આટલા જીવની હાનિ થાય છે તો જો હું સઘળું તુંબડું અહીં પરઠવીશ તો અસંખ્ય બેઇંદ્રિયાદિ પ્રાણિનો નાશ થશે. માટે બહેતર છે કે મારેજ એ સર્વ તુંબડાનો આહાર કરવો. મારે આ શરીરે કરીને ભલે નિર્જરા થાય!" એમ વિચારી મુહપત્તિ પ્રતિલેખી શરીર પ્રમાર્જી સર્પ જેમ દરને વિષે, શરીરને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પર્શ્યા વિના પેસે તેમ તે સર્વ આહાર મુખમાં સ્પર્શ્યા વિના શરીરરૂપ કોઠારને વિષે નાખ્યો. બેઘડી થઇ ત્યાં તે સર્વ આહાર શરીરને વિષે પ્રગમ્યો અને અકથનીય વેદના પ્રગટ થઇ. ઉઠવા બેસવાની શક્તિ રહી નહી બલ-વીર્ય રહિત થયા, પુરૂષાકાર નાશ પામ્યો, ચિત્ત કંપવા લાગ્યું અને જીવિતવ્ય ધારણ કરવું પણ દુર્લભ થઇ પડયું. તેવારે સમય વિચારી-સમતા ધારણ કરી પાત્ર, વસ્ત્ર, ઉપકરણ પાસે મુકી ભૂમિ પ્રતિલેખી ડાભનો સંથારો પાથર્યો પાથરી તે ઉપર પરાકાષ્ઠાએ ચઢી પૂર્વ દિશા સન્મુખ મુખ રાખી પલાંઠીવાળીને બેઠા. પછી બે હાથ જોડી-મસ્તકે અંજલિ લગાડી નમુથ્થુણં બોલી સંપૂર્ણ અંતર્ગત અનંતા અરિહંત ભગવંતને નમસ્કાર કર્યા અને પછી અનંતા સિદ્ધને નમસ્કાર કર્યા. તે વાર પછી પોતાના ધર્માચાર્ય-ધર્મોપદેશક-ધર્મોપદેશના દેવાવાળા ધર્મઘોષ સ્થવિર પ્રત્યે નમસ્કાર કર્યો મનમાં વિચારવા લાગ્યા કે પૂર્વે મેં ધર્મઘોષ આચાર્ય સમીપે સર્વ પ્રાણાતિપાત, સર્વ મૃષાવાદ, સર્વ અદત્તાદાન, સર્વ પરિગ્રહ એ ચારે મહાવ્રત જાવજ્જીવ પર્યંત પચ્ચખ્યા છે, હમણા તેજ આચાર્યની નીશ્રાએ એ ચારે મહાવ્રત પચ્ચખું છું. એમ સર્વ પ્રકારના પ્રત્યાખ્યાન-આરાધના કરતાં ખંધક મુનિની જેમ છેલ્લે શ્વાસે કાયા પણ વોસરાવું છું એમ કહી આલોચના-પ્રતિક્રમણ કરી, સર્વ પાપથી નિવર્તી, સમાધિ-ઉપશમ પ્રાપ્ત કરી શુભ ભાવે કાળ કર્યો.

અહીં ધર્મરૂચિ અણગારને ગયા ઘણો વખત થયો પરંતુ પાછા આવ્યા નહિ તેવારે ધર્મઘોષ આચાર્યે બીજા સાધુઓને બોલાવ્યા. બોલાવી આજ્ઞા કરીકે ધર્મરૂચિ અણગાર માસખમણને પારણે શરદકાળનું નીપજેલ ઘણાદ્રવ્યે અને ચીગટ પદાર્થે વ્યાપ્ત—કડવું તુંબડું વહોરી લાવેલા તે પરઠવાને બહાર ગયા છે તેને ઘણી વેળા થઇ પરંતુ પાછા આવ્યા નહિ માટે હે દેવાનુપ્રિયો! તમે સઘળી દિશા વિદિશાને વિષે તેનો તપાસ કરો' ગુરૂ મહારાજાના વચન અંગીકાર કરી તે સાધુઓ ત્યાંથી નીકળ્યા. ચોતરફ તપાસ કરતાં જે નિર્જીવ સ્થળે ધર્મરૂચિ અણગારનું શરીર પડયું છે તે સ્થળે આવ્યા ત્યાં તેમનું શરિર પ્રાણરહિત, નિર્જીવ, ચેષ્ટારહિત, શ્વાસોશ્વાસ રહિત જીવિતવ્ય રહિત જોઇ, 'હાહા! આ મોટું અકાર્ય થયું!' એમ કહી ધર્મરૂચિ સાધુના નિર્વાણ નિમિત્તે-કાળકીધા નિમિતે કાયોત્સર્ગ કર્યો અને તેનું શરિર વોસરાવ્યું. પછી તેમના ભાંડ, પાત્ર, વસ્ત્ર, ઉપકરણ વિગેરે લઇ જ્યાં ધર્મઘોષ આચાર્ય છે ત્યાં આવ્યા. આવીને ગમનાગમન ઇરિયાવહિ પ્રતિક્રમ્યા.

For Private And Personal Use Only

પ્રતિક્રમી આચાર્ય પ્રત્યે કહેવા લાગ્યા–હે ભગવન્! અમે તમારી પાસેથી નીકળ્યા તે આ સુભૂમિભાગ ઉદ્યાનવન ખંડને વિષે ચોતરફ તપાસ કરતા જ્યાં ધર્મરૂચિ અણગાર હતા ત્યાં ગયા. તેમનું શરિર પ્રાણરહિત જોઇ–તેમના કાળ કર્યા નિમિત્તે કાયોત્સર્ગ કરી, તેમના વસ્ત્ર, પાત્ર, ઉપકરણ લઇ અત્રે આવ્યા.

તે વારે ધર્મઘોષ સ્થવિરે પૂર્વમાંહે કહેલા ઉપયોગ પ્રત્યે મુકી જ્ઞાન વડે જોઇ સર્વ સાધુ સાધ્વીને તેડાવ્યા. તેઓની આ પ્રમાણે કહેવા લાગ્યા–અહો આર્યો! મારો શિષ્ય ધર્મરૂચિ નામે સાધુ ભદ્રક હતો, વિનીત હતો અને અંતરરહિત માસખમણનો તપ કરતો હતો. આજે માસ ખમણના પારણાને વિષે ગોચરી કરતાં ઉંચ, નીચ, મધ્યમ ઘરને વિષે પ્રવેશ કરતો નાગશ્રી બ્રાહ્મણીને ઘરે ગયો. સાધુને આવતા દેખી–ફરી ઉભા થઇ તે નાગશ્રી બ્રાહ્મણીએ ઘણે રાગે વિષરૂપ કડવો તુંબડો વહોરાવ્યો. આહાર પરિપૂર્ણ થયો જાણી–અહીં આવી ઇરિયાવહી પ્રતિક્રમી, ગોચરી આલોચી તેમણે મને આહાર દેખાડયો. મેં વિષરૂપ જાણી આહાર કરવાની ના પાડી પરઠવવા મોકલ્યા. ત્યાં હિંસાયત્નાના કારણથી પોતેજ તે સર્વ તુંબડાનો આહાર કર્યો વિષ વ્યાપ્ત થવાથી ઘણા વરસ લગી જેણે ચારિત્રપર્યાય પાળ્યો છે એવા તે સાધુએ આલોચના કરી, પાપ થકી નિવર્તી–સમાધિ–ઉપશમ પ્રાપ્ત કરી કાળ કર્યો. કાળ કરી જ્યાં તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ આયુષ્ય સ્થિતિ છે એવા સર્વાર્થ સિદ્ધ વિમાનને વિષે ઉત્પન્ન થયા. તે ધર્મરૂચિ દેવતા ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રને વિષે સિદ્ધિપદ પામશે. માટે ધિક્કાર થાઓ તે અધન્ય અપુણ્યવાળી–નિંબોળી ફલ સરખા–દરિદ્રી તે નાગશ્રી બ્રાહ્મણીને કે જેણે આવું અકાર્ય કર્યું!

( ચાલુ. )

---

# संबोधसत्तरी.

અનુસંધાન પૃષ્ઠ ૮૫ થી.

પૂર્વે પ્રમાદનું ત્યાજ્યપણું દર્શાવ્યું છે હવે પ્રમાદને તજ્યા છતાં પણ ધર્મનું આરાધન કરતાં કેટલાએક એકાંત જ્ઞાનનેજ મોક્ષનું સાધન કહે છે અને કેટલાએક એકાંત ક્રિયાનેજ મોક્ષનું સાધન કહે છે પરંતુ જૈનસિદ્ધાંતનો સાર એ છે જે જ્ઞાન અને ક્રિયા બંને એકલા શોભતા નથી તેમ ક-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ળ પ્રાપ્તિ જે મોક્ષ તેને ઉત્પન્ન કરી શકતા નથી માટે તે બન્નેની આવશ્યકતાનું એકત્વપણું દર્શાવતા સતા શાસ્ત્રકાર કહે છે—

**हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया ।**
**[2]पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंध उ ॥७१॥**

અર્થ—ક્રિયાહીન જે જ્ઞાન તે હણાયેલું છે અને અજ્ઞાનપણાથી ક્રિયા હણાયેલી છે. અર્થાત્ જ્ઞાનવડે શુભાશુભ ભાવ ફળ્યા ફળ જાણે છે પરંતુ જો શુભ ક્રિયા કરતો નથી તો તેથી કાંઇ પણ સિદ્ધિ નથી જેમ અનેક પ્રકારની રસવતિને તેના ગુણા ગુણને જાણ્યા છતાં પણ તેના આસ્વાદન રૂપ ક્રિયાને નહીં કરનાર પ્રાણી પુષ્ટતારૂપ સિદ્ધિને પામતો નથી તેમ એકલા જ્ઞાન વડે મોક્ષ રૂપ ફળની પ્રાપ્તિ થતી નથી. વળી અજ્ઞાનવડે ક્રિયા હણાયેલી છે એટલે અજ્ઞાની ગમે તેટલી ક્રિયા કરે પરંતુ તે મોક્ષ પ્રાપ્તિને અર્થે થતી નથી, **अन्नाणी किंकाही** ઇતિ વચનાત્. હવે આ વાતને ગાથાના ઉત્તરાર્દ્ધમાં દૃષ્ટાંત વડે દૃઢ કરે છે કે—પાંગળો દેખતો સતો દગ્ધ થયો અને આંધળો દોડીને દગ્ધ થયો. ૭૫. આ દૃષ્ટાંત ટુંકામાં એવી રીતે છે કે એક વનમાં એક પંગુ અને એક અંધ એમ બે જણા રહેતા હતા. એકદા તે વનમાં દાવાનળ લાગ્યો. ચારે દિશાએ લીલાં અને સુકાં વૃક્ષો તથા વનસ્પતિઓ અને પશુ પક્ષીઓ ભસ્મ થઈ જવા લાગ્યા. દાવાનળમાંથી નીકળી જવાને રસ્તો છે તે પંગુ નજરે દેખે છે પરંતુ પગ ન હોવાથી નીકળી શક્યો નહીં અને બળીને ભસ્મ થઇ ગયો. તેમજ જે અંધ હતો તેને નીકળવાના રસ્તાની ખબર નથી પરંતુ પગ હોવાથી બહાર નીકળવા માટે આગથી આગ દોડાદોડ કર્યા કરે છે પરંતુ છેવટે ખરો રસ્તો ન મળવાથી તે પણ દાવાનળમાં દગ્ધ થઇ જાય છે. આ પ્રમાણેજ એકલા જ્ઞાન અને એકલી ક્રિયાવાળા પ્રાણીઓ સંસાર રૂપ દાવાનળમાં દગ્ધ થઇ જાય છે. સંસારનું સ્વરૂપ, પદાર્થોની અનિત્યતા, ઇંદ્રીઓના વિષયોનું નિઃસારપણું વિગેરે સારી રીતે જાણ્યા છતાં અને તેજ સંસાર પરિભ્રમણ કરાવનારા છે એમ સમજ્યા છતાં પૂર્વોક્ત દૃષ્ટાંતવાળા પંગુની પેરે ઇંદ્રીઓના વિષયોને તજી દમને મર્ગારાધન કરવા રૂપ પગ વિનાના પ્રાણીઓ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. તેનું જાણ્યું ન જાણ્યા બરાબર છે અને એ-

1. **पिछंतो** એવો પાઠ છે. બંને એક અર્થવાચી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થીજ શાસ્ત્રકારે તેને હણાયેલું કહ્યું છે. હવે જેઓ એકાંત ક્રિયાની પુષ્ટી કરવાવાળા છે તેઓ ખરો માર્ગ શું છે તેને અજ્ઞાનના વશથી ઓળખતા નથી અને નિરંતર વ્રત, નિયમ, તપ, જપ વિગેરે કર્યા કરે છે પરંતુ સંસારમાં પરિભ્રમણ કરાવવાના પ્રબળ સાધન રૂપ ચાર કષાય, રાગ દ્વેષ અને ત્રણ યોગ છે તેને ઓળખીને તેનો નાશ કરવાનો પ્રયત્ન કરતા નથી, તેથી તેની ક્રિયા નિરર્થક જાય છે અર્થાત્ મોક્ષ સુખની પ્રાપ્તિ કરાવી શકતી નથી એ. કારણથીજ શાસ્ત્રકારે અજ્ઞાન યુક્ત ક્રિયાને હણાયેલી કહી છે એવા ક્રિયા કરનારા આંધળી દોડા દોડની જેમ સંસાર રૂપ દાવાનળમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરે છે ખરા પરંતુ ખરો માર્ગ ન જાણેલ હોવાથી બહાર નીકળી શકતા નથી અને સંસારમાં પરિભ્રમણ કરે છે અર્થાત્ સંસાર રૂપ દાવાનળમાં ભસ્મીભૂત થઇ જાય છે.

હવે તે બંનેના--જ્ઞાન ક્રિયાના તથા અંધ અને પંગુના સંયોગવડે કાર્ય સિદ્ધિ--મોક્ષ પ્રાપ્તિને સુચવતા સતા શાસ્ત્રકાર કહે છે.

**संयोगसिद्धिय फलं वयंति, न हु एगचक्केण रहो पयाइ ।**
**अंधो य पंगू य वणए समिच्चा, ते संपणट्ठा नगरंपविट्ठा ॥७६॥**

અર્થ—જ્ઞાન અને ક્રિયાના સંયોગની સિદ્ધિ વડેજ મુક્તિ રૂપ ફળની પ્રાપ્તિ પંડિત પુરૂષો કહે છે. કારણ કે એક ચક્રે-એક પઇડાંએ કરીને રથ ચાલતો નથી (બેચક્ર વડેજ ચાલી શકે છે) આ હકીકતને દ્રષ્ટાંતવડે દૃઢ કરે છે કે અંધ અને પંગુ વનને વિષે એકઠા મળીને ત્યાંથી ભાગ્યા તે નગરમાં પેઠી ગયા. ભાવાર્થ આ પ્રમાણે છે કે એક દાવાનળ લાગેલા વનમાં અંધ અને પંગુ બંને વસતા હતા તેઓ દાવાનળ લાગેલો જાણીને બંને એકઠા થયા અને અંધે પંગુને પોતાના સ્કંધ ઉપર બેસાડ્યો. પછી પંગુના બતાવેલા માર્ગે ચાલવાથી અંધ અને પંગુ બંને દાવાનળની બહાર નીકળીને કુશળક્ષેમ મનવાંછીત સ્થાનકે નગરને વિષે પહોંચી ગયા. જો તે બંને મળ્યા તો સુખી થયા. પણ બીજી માયાવાળા અંધ અને પંગુ બંને ન મળ્યા તો દાવાનળમાં દગ્ધ થયા. એ પ્રમાણે જ્ઞાન અને ક્રિયાના સંયોગવડેજ મોક્ષની પ્રાપ્તિ છે અને એકાંતવડે બંનેની અપ્રધાનતા છે. જ્ઞાનવિના ક્રિયા શોભતી નથી અને ક્રિયાવિના જ્ઞાન શોભતું નથી બંને એકઠા મળેલા હોય છે તો શોભાને પામે છે અને મોક્ષ સુખને મેળવે છે.

હવે ચારિત્રની પ્રાધાન્યતા દર્શાવવા માટે શાસ્ત્રકાર કહે છે.

For Private And Personal Use Only

**सुबहुंपि सुअमहीअं, किं काही चरणविप्पहीणस्स ।**
**अंधस्स जह पलित्ता, दीव सय सहस्स कोडीओ ॥૭૭॥**

અર્થ—અત્યંત શ્રુતાભ્યાસ કર્યો હોય તો પણ ચારિત્ર રહિતને શું કરે છે? અર્થાત્ કાંઇ પણ અવબોધ કરી શકતું નથી. જેમ લાખો ક્રોડો પ્રજ્વલીત કરેલા દીપકો અંધને કાંઇ પણ બોધ કરી શકતા નથી. ભાવાર્થ એ છે કે અંધની પાસે ગમે તેટલા દીવાઓ કર્યા હોય તોપણ તે તેને એક પણ વસ્તુનો બોધ કરી શકતા નથી નકામા થાય છે—વૃથા જાય છે તેમજ ચારિત્ર હીનનું શ્રુત ભણવું વૃથા છે. કાંઇ પણ કામનું નથી. ૭૬.

ગમે તેટલો સિદ્ધાંતાભ્યાસ કરેલ હોય તોપણ જો કાંઇ પણ ચારિત્ર ગુણ ન હોય—ત્યાગ ભાવ ન હોય સાંસારીક વિષયોમાં રક્ત હોય તો તેનું જ્ઞાન શા કામનું છે? કાંઇ પણ કામનું નથી. પાણીમાં તરવાની પરિપૂર્ણ કળાને જાણનાર પ્રાણી જળમાં ડુબતા છતાં જો હાથ પગ ન હલાવે—તરવાનો પ્રયત્ન નજ કરે તો શું તે તરે? ન તરે, તેનું જાણવું કામ આવે? ન આવે. તેમજ સિદ્ધાંતાભ્યાસ કર્યા છતાં ભવ ભ્રમણના સાધનોને ઓળખ્યા છતાં તે ક્લીષ્ટ સાધનોનેજ વળગી રહે અને છોડે નહીં તો પછી તે સંસાર સમુદ્રનો પાર કેમ પામે? નજ પામે. ત્યારે પછી તેનું જાણ્યું ન જાણ્યા બરાબર છે અને ભણ્યું ન ભણ્યા બરાબર છે કેમકે પોતાની સમિપ ભાગેજ કૂપ છે એમ જાણ્યા છતાં તેમાં પગ મુકે તેણે કૂવો જાણ્યો કેમ કહીએ? તેમ જે પ્રાણી જ્ઞાનાભ્યાસ વડે ભવ કૂપ સદૃશ કુટુંબ, પરિવાર, સ્ત્રી, પુત્ર, ધન, ધાન્ય તથા પાંચે ઇંદ્રીઓના વિષયોને જાણે છતાં તેને તજે નહીં ઉલટો વિશેષ પ્રકારે સેવન કરે તેને જ્ઞાની ન કહીએ પણ મહામુઢ દૃષ્ટિ કહીએ. માટે જાણ્યું તો તેનુંજ પ્રમાણ છે કે જેનું ચારિત્ર સંયુક્તપણું છે. આ છેવટની વાતને પ્રતિપાદન કરતા સતા શાસ્ત્રકાર કહેછે.

**अप्पंपि सुअमहीअं, पयासगं होइ चरणजुत्तस्स ।**
**इक्कोवि जह पईवो, सचक्खुअस्स पयासेइ ॥ ૭૮ ॥**

અર્થ—ચારિત્રયુક્ત પુરૂષનો અલ્પપણ શ્રુતાભ્યાસ પ્રકાશનો કરનાર થાય છે. જેમ ચક્ષુવાળાને એક દીપક પણ પ્રકાશને કરે છે. ૭૮

અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# प्रतिक्रमण.

અનુસંધાન પૃષ્ટ ૮૩ થી,

**बाल स्त्री मंद मुर्खाणां, नृणां चारित्र कांक्षिणां ।**
**अनुगृहार्थ सर्वज्ञैः सिद्धांतः प्राकृतः कृतः ॥ १ ॥**

"બાળક, સ્ત્રી, મંદ બુદ્ધિવાળા અને મુર્ખ એવા ચારિત્ર ઇચ્છક મનુષ્યોના અનુગ્રહને માટે સર્વજ્ઞોએ સિદ્ધાંત પ્રાકૃત ભાષામાં કરેલા છે." આ પ્રમાણે કહેલ છે તેથી તેમજ સંસ્કૃત નાટકાદીને વિષે સ્ત્રીઓના આલાપ પ્રાયે પ્રાકૃત ભાષામાંજ હોવાથી સ્ત્રીઓનું સંસ્કૃત ભાષામાં અનધિકારી પણું દ્રઢ થાય છે. વળી કહ્યું છે કે—

**केविअ तुच्छा गारव बहुला चलिंदीआ दुबलाधइएअ ।**
**इअ अइसेसज्झयणी, भूआवाओ अ नो थीणं ॥ १ ॥**

સ્ત્રીઓ કેટલીએક સ્ત્રી સ્વભાવપણા થકી પ્રાયે તુચ્છ એટલે અલ્પ સત્વવાળી, અલ્પ ઋદ્ધિ હોવા છતાં પણ અત્યંત ગર્વ ધારણ કરનારી, ચપળ ઇંદ્રીઓવાળી એટલે વિકારવાળી તથા ધૈર્યતામાં દુર્બળ અર્થાત ધીરજ નહીં રાખી શકનારી એવી હોય છે તેથી અતિશયવંત સ્વરૂપવાળાં ઉસ્થાન અને સમુસ્થાન શ્રુત તથા અરૂણોપપાતાદિક અધ્યયન અને ભૂતવાદ જે દ્રષ્ટિવાદ બારમું અંગ તે ભણવાની સ્ત્રીઓને અનુજ્ઞા નથી. દ્રષ્ટિવાદને વિષે અનેક વિદ્યાઓ સર્વ પ્રકારના વાંછિતને આપનાર વર્ણવેલી છે. તેથી તે ભણવાનો અધિકાર સત્વવંત પુરૂષનેજ છે.

સંયમાદિ કાર્ય નિષ્પન્ન થયે સતે જો કોઇ મુનિ એક કુળ, એક ગામ અથવા એક રાજ્યધાનીની ઉપર સંકલ્પ કરીને રૂષ્ટમાન થયા સતા અપ્રશાંત ચિત્તવડે, અપ્રશસ્ત લેશ્યાવડે, વિષમાસને બેસીને, ઉપયોગ સહિત ઉદ્ઘાણ શ્રુત અધ્યયન ગણે, એકવાર બેવાર અને ત્રીજીવાર ગણે કે તત્કાળ તે કુળ, ગામ અથવા તે રાજધાનીમાં વસનારા લોકો હણાઇ ગયા છે મનના સંકલ્પ જેના એવા થયા સતા, વિલાપ કરતા સતા એકદમ ઉતાવળા ત્યાંથી ભાગવા માંડે. ત્યારપછી કાર્ય સમાપ્ત થયે સતે તેજ કુળ, તેજ ગામ અથવા તેજ રાજધાનીને માટે સંકલ્પ કરીને તુષ્ટમાનપણે, પ્રસન્ન ચિત્તે, પ્રસન્ન લેશ્યાવડે, સમ સુખાસને બેસીને ઉપયોગ યુક્ત મુનિ સમુદ્ઘાણ શ્રુત અધ્યયનનું પર્યટણ કરે. ગણે. એકવાર, બે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર અને ત્રણવાર ગણે કે તરતજ તે કુળ, તે ગામ, નગરા તે રાજધાનીમાં વસનારા લોકો હર્ષવંત ચિત્તવાળા થઈને, સુપ્રશસ્ત મંગળીકના સમુહને કરતા સતા, મંદમંદ ગતિવડે ક્રિડા કરતા પાછા આવે. આ પ્રમાણે પૂર્વે જે પોતાના સ્થાનકથી ભ્રષ્ટ થયા હોય તે પાછા પોતાના સ્થાનક પ્રત્યે આવીને સ્થિત થાય. આતો ઉઠાણ અને સમુઠ્ઠાણ શ્રુત અધ્યયનનો પ્રભાવ છે.

તથા અરૂણ નામના દેવના ઉપપાતનું હેતુ ભૂત તે અરૂણોપપાત નામનું અધ્યયન જાણવું. જ્યારે તે અધ્યયનને ગણવાને ઉપયોગવંત થએલા મુનિ તેનું પરાવર્તન કરે ગણવા માંડે ત્યારે તે અરૂણ નામે દેવતાનું સ્વસમયનિબદ્ધપણા થકી આસન ચળાયમાન થાય સસંભ્રમપણે, ભ્રમિતલોચનવંત થઈને અવધિજ્ઞાન પ્રયુંજે, પછી સર્વ વ્યતિકરને જાણીને હર્ષ પામે અને અત્યંત પ્રહર્ષિત થઈને ચપળ કુંડલાદિક આભરણયુક્ત તે દેવ દિવ્ય કાંતિવડે, દિવ્ય વિભૂતી વડે અને દિવ્ય ગતિવડે જ્યાં તે ભાગ્યવાન્ મુનિ મહારાજ તે અધ્યયનનો પાઠ કરે છે ત્યાં આવે. આવીને ભક્તિના સમુહવડે નમાવ્યું છે મુખ કમળ જેણે એવો તે દેવ કુસુમની વૃષ્ટિ કરે અને તે શ્રમણની સમિપે બે હાથ જોડી, સંવેગવડે વિશુદ્ધમાન અધ્યવસાયવંત થયો સતો અરૂણોપપાત અધ્યયનને સાંભળતા બેસે. તે અધ્યયન સમાપ્ત થાય ત્યારે " ભલું સ્વાધ્યાય કર્યું, ભલું સ્વાધ્યાય કર્યું " એમ કહીને " વરંવૃણુ " અર્થાત્ વર માગો, એમ બોલે. તે વખત આ લોક સંબંધી નિષ્પિપાસાવાન્, તૃણ મણી અને લોષ્ટકાંચનની ઉપર સમ ભાવવાળા તથા સિદ્ધિવધુને પ્રાપ્ત કરવાને અત્યંત ઉત્કંઠાવાળા તે મુનિ ' અમારે વર માગવે કરીને કાંઇપણ સાર્યું નથી, એમ કહે. આવા પ્રતિવચનને સાંભળીને અધિકતર સંવેગ પ્રાપ્ત થયો છે જેને એવો તે દેવ પ્રદક્ષિણા દઈ, વંદન કરીને પાછો સ્વસ્થાનકે જાય. એજ પ્રમાણે વરૂણોપપાત, ગરૂલોપપાત, વૈશ્રમણોપપાત, વિગેરે અધ્યયનોને માટે પણ જાણવું.

આવા પ્રભાવીક અધ્યયનો ભણવાનો કે જાણવાનો સ્ત્રીઓને અધિકાર નથી. કેટલુંક ભણવાને વિષે પણ તેનુ અનધિકારી પણું છે. નમોડર્હત્સિદ્ધા૦ આ નમોર્હત્સિદ્ધાચાર્ય વિગેરેનું પ્રતિક્રમણમાં ભણવું છે તે શીઘ્ર તે સ્ત્રીઓ ન બોલે એમ કહેલ છે. આમાં તેના ન કહેવામાં કાંઇ બીજું કારણ હોય તો તે પણ બુદ્ધિમાન પુરૂષોએ સ્વયમેવ જાણી લેવું.

For Private And Personal Use Only

[1]નમોસ્તુવર્દ્ધમાનાય ગુરૂ મહારાજ કહેતા હોય તે અવસરે દરેક સ્તુતિની પ્રાંતે નમોખમાસમણાણં એ વચન વડે ગુરૂ મહારાજને નમસ્કાર અન્ય સાધુ અને શ્રાવક બોલે છે તે નૃપાદિકના આલાપમાં દરેક વાર્તાની પ્રાંતે ' જીવ ' એમ બોલવાનું કેટલેક સ્થાનકે પ્રવર્તન છે તે પ્રમાણે શ્રી ગુરૂ વચનની પ્રતિચ્છાદિ રૂપ સંભવે છે.

તથા શ્રીવર્દ્ધમાન સ્વામીનું આ તીર્થ પ્રવર્ત્તે છે તેમની આજ્ઞાવડે કરીને આ પ્રતિક્રમણાદિ કરવાનું છે તે નિર્વિઘ્નપણે સંપૂર્ણ થવાથી થયેલા હર્ષે કરીને તેમજ મંગળીકને અર્થે નમોસ્તુવર્દ્ધમાનાય એ સ્તુતિ કહેવાની છે, કૃતજ્ઞોનો એવો વ્યવહારજ છે કે સ્વસમીહીત કાર્ય નિર્વિઘ્નપણે સમાપ્ત થાય ત્યારે શ્રીદેવગુરૂની સ્તુતિ કરવી આવો ન્યાય લોકોને વિષે પણ પ્રવર્તે છે. જ્યારે રાજા શત્રુનો જય કરીને આવે ત્યારે તેમજ વિવાહાદિકને વિષે પણ હર્ષ કરીને વિચિત્ર વાજીંત્રો વજડાવે છે તેમજ ઉંચે સ્વરે કરીને ગીત નૃત્યાદિ થાય છે અને પોતાના પૂજ્યની પૂજા કરે છે તેમ અહીં પણ ઉંચે સ્વરે કરીને શ્રીવર્દ્ધમાન સ્વામીની સ્તુતિ કહેવાનો હેતુ સમજી લેવો.

ત્યાર પછી શક્રસ્તવ કહેવું અને પછી મનોહર સ્વરવડે કરીને એક જણ સ્તવન બોલે અને બીજા સર્વે સાવધાન મનવાળા થઈ બે હાથ જોડી સાંભળે. સ્તવન કહી રહ્યા પછી [1]વરકનક૦ ઇત્યાદિગાથા કહીને ચાર ખમાસમણવડે શ્રી ગુર્વાદિકને વંદન કરે. અહીં શ્રીદેવગુરૂનું વંદન મુનિને નમોઽર્હતથી માંડીને ચાર ખમાસમણ દેવા પર્યંત જાણવું અને શ્રાવકને ત્યારપછી [2]અઢ્ઢાઇજ્જેસુ કહેવા સુધી જાણવું. સર્વ ધર્માનુષ્ટાન શ્રીદેવગુરૂની ભક્તિ અને બહુ માન પુરઃસર કર્યા સતાજ સફળ થાય છે તેથી પ્રતિક્રમણના પ્રારંભને વિષે તેમજ સંપુર્ણ થાય ત્યાં શ્રી દેવગુરૂનું વંદન કરવું યોગ્ય છે આદી અને અંતનું ગ્રહણ કર્યે સતે મધ્યનું ગ્રહણ પણ સમજી લેવું એવો ન્યાય હોવા થકી એ દેવગુરૂની ભક્તિ સાર્વત્રિકી સમજવી. જેમ શક્રસ્તવને વિષે પ્રારંભમાં નમુથ્થુણં એ પદમાં અને અંતે નમોજિણાણં એ પદમાં નમસ્કાર હોવા થકી દરેક [illegible] પદનું પાર-

આ પ્રમાણે પ્રવર્તન હાલ નથી. નમોઽર્હતની આદ્યમાં એકવારજ નમોખમાસમણાણં૦ એમ કહેવાનું પ્રવર્તન છે.

1 આગાથામાં પાંચે વર્ણવાળા ૧૭૦ જીનેશ્વરોને નમસ્કાર છે.

2 આમાં અઢી દ્વીપ માંહેના સર્વ મુનિ મહારાજને નમસ્કાર છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન થાય છે તેમ અહીં પણ સમજવું. તેમજ પાંચ દંડક યુક્ત દેવ વંદન કરવાના અધિકારને વિષે પણ જેમ આદ્યમાં અને અંતે શક્રસ્તવ કહેવાય છે તેમ અહીં પ્રતિક્રમણમાં પણ આદ્યમાં અને અંતે દેવગુરૂને વંદન કરવા થકી સર્વત્ર વંદન ભક્તિ બહુ માનાદિ જાણી લેવું.

હવે **અડ્ઢાઇજ્જેસુ** કહ્યા પછી, પૂર્વે પ્રતિક્રમણ કરતાં ચારિત્રાચાર, દર્શનાચાર અને જ્ઞાનાચારની શુદ્ધિને અર્થે કાયોત્સર્ગ કર્યા છતાં પણ ફરીને **द्विर्बद्धं सुबद्धं भवति** 'બે વાર બાંધેલું તે સારૂં બાંધેલું થાય છે' એ ન્યાયે કરીને પ્રાણાતિપાતાદિ વિરમણને વિષે લાગેલા અતિચારની વિશુદ્ધિને અર્થે ચાર ચતુર્વિંશતિ સ્તવ (લોગસ્સ) ચિંતવવા રૂપ દેવસી પ્રાયશ્ચિત્તની વિશુદ્ધિને માટે કાયોત્સર્ગ કરવો. કહ્યું છે કે–પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચ પાપસ્થાનકની શુદ્ધિને માટે એકસો શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરવો. આ કાયોત્સર્ગ પૃથક્ પૃથક્ સમાચારીના વશ થકી કોઇક પ્રતિક્રમણને અંતે કરે છે અને કોઇ પ્રતિક્રમણની આદ્યમાં કરે છે.

કાયોત્સર્ગ સંપૂર્ણ થયા પછી પૂર્વોક્ત રીતેજ પારીને મંગળીકને અર્થે ચતુર્વિંશતિ સ્તવ પ્રગટપણે બોલે. ત્યાર પછી બે ખમાસમણ પૂર્વક **સજ્ઝાય સંદિસાહુ?** અને **સજ્ઝાય કરૂં?** એમ આદેશ માગી, મંડળીમાં બેસીને સાવધાન મન વડે સજ્ઝાય કરે-બોલે. મૂળ વિધિએ તો મુનિને આ સજ્ઝાયધ્યાન પ્રથમ પોરૂષી સંપૂર્ણ થતા સુધી જાણવું. કહ્યું છે કે—મુનિમહારાજ રાત્રીના પ્રથમ પ્રહરે સજ્ઝાય કરે, બીજા પ્રહરે ધ્યાન કરે, ત્રીજા પ્રહરે નિદ્રામુક્ત થાય અને ચોથા પ્રહરે પાછા સજ્ઝાય કરે. ઊત્કૃષ્ટ સજ્ઝાયધ્યાન ચૌદ પૂર્વીને દ્વાદશાંગીનું જાણવું અને તેથી ઓછા જ્ઞાનવાળાને તે કરતાં ઓછું ઓછું યાવત્ નમસ્કાર ગણવા પર્યંત જાણવું. સજ્ઝાયધ્યાનની પુષ્ટીને સંબંધે શાસ્ત્રકાર કહે છે કે—

**वारसविहंमिवि तवे, सब्भिंतरबाहिरे कुसलदिट्ठे ।**
**नवि अत्थि नवि अ होही, सज्झायसमं तवोकम्मं ॥१॥**

"બાર પ્રકારના સર્વજ્ઞકથીત બાહ્ય અભ્યંતર તપને વિષે સજ્ઝાય તપ સમાન બીજો છે નહીં અને હોશે પણ નહીં."

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે–પાંચે પ્રકારના આચારની વિશુદ્ધિને માટે પ્રતિક્રમણ છે એમ પૂર્વે કહ્યું છે અને આમાંતો ચારિત્રાચાર દર્શનાચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જ્ઞાનાચાર એ ત્રણ આચારની શુદ્ધિજ દરેક સ્થાને કહી છે તપાચાર અને વિર્યાચારની શુદ્ધિ કાંઈ કહી નથી માટે તે બે આચારની શુદ્ધિ પ્રતિક્રમણમાં શી રીતે થાય છે?

ગુરૂમહારાજ ઉત્તર આપે છે કે-એ બે આચારની શુદ્ધિ જ્ઞાનાચારાદિકના અંતરમાંજ પ્રતિપાદન કરેલી છે. પ્રથમ સાંયકાળે કર્યું છે ચોવીહારનું પચ્ચખાણ જેણે એવા મુનીને તેમજ કર્યું છે યથા શક્ત દુવીહાર, તીવીહાર, ચોવીહારનું પચ્ચખ્ખાણ જેણે એવા શ્રાવકનેજ પ્રતિક્રમણ થાય છે. પ્રભાતના પડિકમણામાં પણ છ માસ તપથી માંડીને યથા શક્તિ તપ કરવાનું પ્રત્યાખ્યાન કરવામાં આવે છે. એ બાહ્ય તપની શુદ્ધિ થઈ અને અભ્યંતર તપ તો કાયોત્સર્ગ સ્વાધ્યાયાદિ રૂપ પ્રતિક્રમણમાં પ્રત્યક્ષ છે. એ પ્રમાણે પ્રગટપણે તપાચારની શુદ્ધિ તો થાય છે. અને યથા વિધિ યથા શક્તિ પ્રતિક્રમણ કરતા સતા વિર્યાચારની શુદ્ધિ પણ પ્રગટજ છે. પૂર્વે પ્રારંભની ગાથામાં જે જે પ્રકારે પાંચે આચારની શુદ્ધ કરવાનું કહેલું છે તે પ્રમાણે પાંચે આચારની વિશુદ્ધિ થાય છે. અપૂર્ણ.

---

# સ્ત્રી કેળવણી.

અનુસંધાન પૃષ્ટ ૮૮ મેથી.

વૈરાટ નગરમાં પાંડવો પ્રસિદ્ધ થયા પછી કૃષ્ણ વાસુદેવ ત્યાં આવી તેઓને દ્વારકાં લઇ ગયા તે સમયે પરસ્પર સ્નેહે કરી માર્ગમાં એક રથમાં બેસનારી દ્રૌપદીને સત્યભામાએ કહ્યું—હે સખિ! મને તારા વિષે બહુ આશ્ચર્ય લાગે છે. તે માટે હું તને પ્રશ્ન કરૂં છું, તેનો ઉત્તર તું નિષ્કપટપણે ક્રોધ ન આણતાં કહે—અમ સરખી બહુ સ્ત્રીઓને એક પણ પતિનું આરાધન મહા દુઃસાધ્ય છે; અને તુને પાંચે પતિઓની એકજ સ્ત્રી થઇને તેઓ પાંચે પતિઓ પ્રત્યે કેવી વર્તણુંક વર્તે છે કે જેથી તેઓ સર્વે તારાથી અત્યંત ખુશી થાય છે. એવું સાંભળી દ્રૌપદી બોલી. સખિ! પ્રિયને વશ કરવાના વશીકરણ મંત્રનું પારાયણ તું સાંભળ. મારો દેહ મારી વાણી અને મારૂં મન એ પ્રતિ દિવસે પ્રિય પતિઓમાં લયલીન છે. તેઓને જે રૂચે છે તેજ હું કરૂં છું. પ્રથમ તેઓને ભોજન કરાવી રહ્યા પછી હું ભોજન કરૂં છું, તેઓ પ્રથમ શયન કરે છે ત્યાર પછી હું શયન કરૂં છું અને તે-

For Private And Personal Use Only

ઓના જાગતા પહેલાં હું જાગૃત થાઉં છું. એ પાંચે પતિઓ પ્રત્યેક બહારથી જ્યારે ઘરમાં આવે છે ત્યારે તેઓને હું ઉઠીને આદરમાન આપું છું, તેઓ જે વાત કહે તે હું નમ્રતા પૂર્વક હાથ જોડીને ધ્યાન દઈ સાંભળું છું અને તેઓની અંગશુશ્રૂષા હું પોતેજ કરૂં છું. અમારા પરિજનો ઉપર હું પુત્ર પ્રમાણે વાત્સલ્ય કરૂં છું અને મારે પતિઓમાંથી કોઈના ઉપર પણ હું ભિન્નભાવ રાખતી નથી. એ પ્રમાણે હું મારા પ્રાણપતિઓની સાથે વરતું છું તેથી તો મારા પાંચે પતિઓ મને નિરંતર પ્રસન્ન કરતાં પણ પ્રિય માને છે.[૧]

આવા સર્વ ચરિત્રો ઉપરથી સિદ્ધ થાય છે કે જે જે સ્ત્રીઓ સતિરૂપે ગણાય છે, જે જે સ્ત્રીઓએ સત્કાર્યો કરી પોતાના નામ અમર કર્યા છે અને જે જે સ્ત્રીઓ ધર્મને વિષે દૃઢ રહી સદ્ગતિગામી થયેલ છે તે સર્વે જ્ઞાનવતી એટલે ભણેલી હતી અને જ્ઞાનગુણને લીધેજ તેનામાં બીજા સર્વ ગુણો આવી રહ્યા હતા. વળી પૂર્વકાળના સર્વ વિદ્વાનો સ્ત્રીઓને ભણવાની બાબતમાં પુષ્ટિજ કરી ગયા છે એટલુંજ નહિ પરંતુ ગૃહસ્થાશ્રમ પણ જ્ઞાનવાળી સ્ત્રીથીજ સારી રીતે ચાલે છે. એક વિદ્વાન ગ્રંથકારે લખ્યું છે કે—'સ્ત્રીને કેટલાં કામ કરવાં પડે છે તે જુઓ. છોકરાંને ઉછેરવાં, કુટુંબના વડીલોનું કામ ઉપાડવું, ચાકરો ઉપર સત્તા રાખવી, ઘરધંધામાં પ્રવીણ રહેવું, ઘરની અને ઘરના સામાનની સંભાળ રાખવી, ઘરમાં આવતા જતાં માણસ આગળ ઘરનું નાક રાખવું, અને તે બધું જાતે મર્યાદા પાળી કરવું! અને દિવસ વીત્યે શૃંગાર શાળામાં પતિના ઉપર રાજ્ય ચલાવવું! આટલું તો એક સામાન્ય સ્ત્રી કરે છે; અને તે સાથે લોકના બોલ સહી જવા, ઘરમાં જુલમ અને અપમાન ખમતાં ગમ ખાઈ જવી, પોતાના દુઃખને ગણવું નહીં, મન અને પેટ બે મોટાં રાખવાં; એ બધું પણ સ્ત્રીને કરવું પડે છે અને તેટલું જો તે કરે તોજ સ્ત્રીને સ્ત્રી કહેવી. ન કરે તો તે પુરૂષનો નથીજ ને સ્ત્રી પણ નહીંજ—તેને તો જેમ અનંગરંગમાં શોભતી કહી છે તેમ આપણે સંસાર રંગમાં શોભતી કહેવી.* ગૃહસ્થાશ્રમમાં રહેનારી સ્ત્રીઓને માથે ઘરસંસાર સુખે ચલાવવામાં ભાર કહી તેટલી ફરજો છે અને

---

૧ પાંડવચરિત્ર એકાદશ સર્ગ. * સરસ્વતિચંદ્ર ભાગ બીજો.

એ અર્થ જે કેળવણી લીધી હોય તોજ ખરી રીતે જાણી શકાય છે. કેળવણી લીધા વિનાની સ્ત્રીથી તેવી રીતે પોતાની ફરજને જાણી શકાતીજ નથી અને તેથી તેનો ઘરસંસાર વગોવાય છે—જે દંપતીમાં સ્નેહ☆ તેવો પ્રેમ હોતો નથી તેને ઘણી જાતના દુઃખ ઉત્પન્ન થાય છે. યુરોપના એક પ્રસિદ્ધ પુરૂષ નેપોલીયન બોનાપાર્ટે તો દેશની સારી સ્થિતિ થવામાં પણ સ્ત્રીકેળવણીજ મુખ્ય ગણેલી છે તે વિષે કહેવાય છે કે—

કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન;
સરસ રીતતો એજ છે, દો માતાને જ્ઞાન.

વિચાર કરતાં એ સર્વ વાત સત્યજ જણાય છે. આવી રીતે સ્ત્રી કેળવણી એ ઉત્તમ છે, તેની અવશ્ય જરૂર છે, આભવ સંબંધી સુખ પામવામાં અને પરભવે સદ્‌ગતિ પામવા માટે સંસારમાં રહીને ધર્મ સાધન કરવામાં પણ એજ મુખ્ય સાધન છે. પૂર્વે એ રીતિ હતી, શાસ્ત્રકાર એમાં સંમત છે અને હાલના વિદ્વાનો પણ તેથી ઘણા પ્રકારના ફાયદા માને છે.

હવે સંસાર ચલાવવામાં તથા સંસારીને ધર્મ સાધન કરવામાં કેળવણી પામેલી સ્ત્રીથી કેટલી તરેહના ફાયદા છે અને કેળવણી પામ્યા શિવાયની સ્ત્રીથી કેટલી તરેહના ગેરફાયદા છે તે તપાસીએ. (અપૂર્ણ.)

# वर्तमान समाचार.

## જૈન નિરાશ્રીત ફંડ. ભાવનગર.

ભાદ્રપદ શુદી ૨ ને દિવસે સંઘ સમક્ષ શ્રી કલ્પસૂત્રના શ્રવણ નિમિત્તે મળેલા સમુદાયમાં આવીને શ્રી સુરતના વતની પણ હાલ ભાવનગરમાં નિવાસ કરીને રહેલા વકીલ દીપચંદ ત્રીભુવનદાસે જાહેર કર્યું કે શ્રી સંઘ તરફથી હાલ મને જગ્યાની મદદ મળે તો વણીક જ્ઞાતિના જિન પ્રતિમાને માનનારા નિરાશ્રીત શ્રાવક બાઇઓને આશ્વીન શુદિ ૧૦ થી હરરોજ એક વખત જમાડવાનું શુભ કાર્ય હું મારા તરફથી શરૂ કરૂં અને તે મારા પ્રભાગ પહોંચતા સુધી શરૂ રાખું. સંઘે એ વાત બહુ હર્ષ સાથે સ્વીકાર કરીને ખુશાલવિજયની ધર્મશાળાને નામે ઓળખાતી જગ્યામાં તેમને જરૂર

☆ સરસ્વતીચંદ્ર ભાગ ૨ જો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડતો સમાવેશ કરાવી આપવાનું કબુલ કર્યું. તે સાથે એ ઉત્તમ કાર્યમાં ભાગીદાર થવા માટે સંઘના મુખ્ય મુખ્ય ગ્રહસ્થોએ પોતપોતાની ઈચ્છા વડે નીચે પ્રમાણે રકમો વગર પુછ્યે નોંધાવી.

| | |
|---|---|
| ૨૫૧ વોરા. જસરાજ સુરચંદ | ૩૦ શા. ભાઇચંદ પ્રાગજી |
| ૨૫૧ વોરા. ઝવેર સુરચંદ | ૨૫ શા. મંગળ ખીમચંદ |
| ૨૫૧ શા. આણંદજી પરશોતમ | ૨૫ શેઠ માણેકચંદ ભાણજી |
| ૧૦૧ વાગડીઆ વાલચંદ ગુલાબચંદ | ૨૫ શા. દામા ગણેશ |
| ૧૦૧ દોશી કરશન દામજી | ૨૦। સંઘવી હરીશંકર હાકે |
| ૧૦૧ વોરા. દેવચંદ કલ્યાણજી | ૨૦। શેઠ ગાંડા લખુ |
| ૧૦૧ વોરા. કરશન હેમજી | ૨૦। વોરા. સાંકળચંદ ખુશાલ |
| ૫૧ મેતા. નરશી અગરશી. વળા | ૨૦॥ બાઈ અંબા બા |
| ૫૧ શા. જુઠા જસા | ૧૦। બાઇ મોંઘી |
| ૫૧ વોરા. ઠાકરશી જેચંદ | ૧૦। બાઇ બકુ |
| ૫૧ વોરા. હરખચંદ સાવચંદ | |

૧૫૬૭॥

ઉપર પ્રમાણે ઉત્પન્ન થયેલ રૂ૧૫૬૭॥ તથા હવે પછી પોતાની ઇચ્છા વડે જે કોઇ ગ્રહસ્થ એમાં પોતા તરફથી રકમ નોંધાવે અથવા પરદેશથી કોઇ ગ્રહસ્થ મોકલે તો તે હાલ શેઠ ડોસાભાઇ અભેચંદને ત્યાં એકઠી કરવી અને સેવીંગ બેંકમાં તે રૂપૈયા મુકીને તેનું વ્યાજ ઉપજાવવું. પ્રથમ એક વર્ષ પર્યંત વકીલ દીપચંદ ત્રીભુવનદાસ એકલાની તરફથી એ કાર્ય ચાલવા દેવું અને વર્ષ આખરે તેના ખર્ચના આડસટ્ટો ચોકસ થાય એટલે એક ટંકના બે ટંક કરીને અથવા તો એક ટંકની રસોઇમાં કાંઇક સુધારો વધારો કરીને ઉત્પન્ન થયેલા વ્યાજનો ઉપયોગ કરવો. જો કે વકીલ દીપચંદ ત્રીભુવનદાસનો વિચાર તો બનતા સુધી કાયમને માટે એ ખાતું પોતા તરફથીજ ચલાવવાનો હતો પરંતુ સંઘના ગ્રહસ્થોએ એ ઉત્તમ કાર્યની ગુંજ જાણીને, બીજા શેહેરવાળાઓ દાખલો લેય એટલા માટે નેમજ એ શુભ કાર્યથી થતા લાભના ભાગીદાર થવા માટે પોતાની ઉદારતા દર્શાવી છે.

દેશાવરના ગ્રહસ્થોએ આ વાતનો દાખલો લેવાની જરૂર છે અને નિરાશ્રીત જૈનબંધુ અન્નાર્થી થયા સતા દુઃખી ન થાય એમ કરવાની શ્રીમંતોની પોતાની ફરજ છે. આશા છે કે ભાવનગરનો દાખલો લઇને બીજા શેહેરવાળા પણ બનતો પ્રયત્ન કરશે.

તંત્રકર્તા.

For Private And Personal Use Only